બારેક ટોપરાં



સોમાભાઇ ભાવસાર

શિશુ સાહિત્યમાળા પુષ્પ ૧૪મું

ખારેક ટોપરાં

-ખવરાવનાર-

સોમાભાઇ ભાવસાર

-પ્રકાશક-

જેચંદ તલકશી એન્ડ સન્સ
એમ્પાયર બીલ્ડીંગ, હોર્નબી રોડ
મુંબઇ.

કિંમત ૦-૨-૦

આવૃત્તિ પહેલી ∴ સને ૧૯૩૫

શિશુ સાહિત્યમાળા,

સંપાદક

વજુભાઈ દવે,

એલીસબ્રીજ : અમદાવાદ

મુદ્રક : મનુભાઈ અમૃતલાલ શેઠ,
સ્વાધીન મુદ્રણાલય : રાણપુર.

ખારેક ટોપરાં

મોટાઓને કદાચ એમ લાગે કે, આમાં શું છે, છતાં બાળકો હોંશે હોંશે, ને વારંવાર વાંચીને જેને મોઢે કરે છે, અને જેને વાંચતાં જાતજાતની હાસ્યયુક્ત ઊર્મિ અનુભવીને હસી ઊઠે છે, કે નાચી ઊઠે છે તેવાં આ જોડકણાં–ગીતો સોમાભાઇએ બનાવ્યાં છે.

દેશળજી પરમાર, રમણલાલ સોનીની હરોળમાં સોમાભાઇનાં જોડકણાં દરેક બાળ લાયબ્રેરીમાં શોભશે. દરેક બાળક તે વાંચશે અને વાંચતાં વાંચતાં ચિત્રોને જોઈ ખુશ થશે.

ગિજુભાઈ.

—અ નુ ક્ર મ—

			પૃષ્ઠ
૧	ખારેક ટોપરાં	∴	૫
૨	વાનર ભૈયા	∴	૬
૩	ભાભા	∴	૮
૪	બે બ્હેનો	∴	૯
૫	પ્રવાસી બિલ્લી	∴	૧૦
૬	બાબુ ભૈયા	∴	૧૧
૭	પંખીઓની પરિષદ	∴	૧૨
૮	રૂપ સંવાદ	∴	૧૪
૯	મોટો બચુ	∴	૧૮
૧૦	કહે બા હું લાગુ નાનો ?	∴	૧૯
૧૧	ઊંદર ને બિલ્લી	∴	૨૧
૧૨	ઊંદર નિશાળિયો	∴	૨૩
૧૩	ચાર ઊંદર	∴	૨૫
૧૪	બંદાલાલ	∴	૨૬
૧૫	કીડી મંકોડીની જાત્રા	∴	૨૭
૧૬	માસ્તરની સોટી	∴	૨૮
૧૭	એ કોણ ?	∴	૩૦

ખારેક ટોપરાં

•

લ્યો રે છોકરાં,
ખારેક ટોપરાં;
ખાઇ ખાઇને ખૂશ થાવ,
વાંચી ગીતો મોઢે ગાવ;
માથાકૂટ નહિ ઝાઝી,
ભલે દિશા રહે ગાજી;
લ્યો રે છોકરાં,
ખારેક ટોપરાં.

વાનર ભૈયા



વાનર ભૈયા ફરવા નીકળ્યા,
નવલા બૂટ ચઢાવી;
ચમ ચમ શું બોલે છે જોડા,
કેવી રેખ મઢાવી ?

આહા શું સુંદર છે જોડા,
વાનરજી તો સોચે;
છાલ પડી'તી કેળાની તે,
આવે શું પગ નીચે ?

અને જુઓ ઊછળતા કેવા,
ફૂટબોલની પેઠે;
ધબાક કરતા પછડાયે,
વાનર ભૈયાજી હેઠે !

ભાભા



એક ભાભા એવા,
સૌએ જોવા જેવા;
તાડ જેવા ઊંચા,
લંગડા ને બૂચા.
જરીક જ્યાં એ ચાલે,
ત્યાં ધરતીનાં પડ હાલે!
જરીક જ્યાં એ બોલે;
ત્યાં દુનિયા આખી ડોલે!

બે બહેનો



ઈન્દી-બિન્દી બહેનો બે,
વનવગડે જંગલમાં રહે.
જંગલની અંદર છે દર,
ઈન્દી-બિન્દીનું એ ઘર.
ઈન્દી જ્યારે જાતી બ્હાર,
બિન્દી ત્યારે ખોલે દ્વાર.
નાની બિન્દી ઘરમાં રહે,
ઈન્દી-બિન્દી બહેનો બે.

પ્રવાસી બિલ્લી



એક હતી બિલ્લી;
જાય શહેર દિલ્લી.
દિલ્લીથી કાશી;
જાય બિલ્લી માશી.

કાશીથી સુરત;
આવી પહોંચે તુરત.
ત્યાંથી જાય ઘેર;
ને કરે લીલાલ્હેર !

બાબુ ભૈયા



નાની સરખી બાઇસીકલ,
નાનો સરખો બાબુ;
એક દિવસ એની પર બેસી,
ચાલ્યો ચઢવા આબુ.

બાબુ તો પણ ઊંચો ઊંચો,
કેવી રીતે પહોંચે ?
બાબુ ભૈયા મનની અંદર,
ઊભા ઊભા સોચે.

પંખીઓની પરિષદ



પંખીઓની મળી પરિષદ, કાગભાઈ મંત્રી જેના;
ગરૂડભાઈ પ્રમુખ બનીઆ, ઉભરાઈ પંખી શેના.

મળ્યાં કબૂતર મોર મેના વળી ગીધ સારસ સમડી;
કાબર ચકલી અને કાગડા દૂરથી આવ્યા પોપટ ઉડી.

એક થઈને ચાલો સર્વે નહિતર સૌ પીંખી ખાશે;
સંઘ થઇને થશું એક તો ઉદ્ધાર આપણો થાશે.

મરઘાનાં ઈંડા શા માટે માણુસ ફોડી નાખે છે;
અને ભલા પોપટને શા માટે પિંજરમાં રાખે છે?

માણુસને કોણે દીધો એ હક્ક કે માછલી પકડે;
વળી શિકારી બંદૂક ફોડી મારે કાં સસલાં વગડે?

ને આપણમાં યે વળી ચકલી કાબર જીવજંતુ ખાયે;
શકરોબાજ કબૂતર જોઈ તુરત મારવાને ધાયે!

વળી કાગડા પાસે કોયલ મફત સેવડાવે ઈંડાં;
બતક ખાઈ જાયે સરવરનાં રંક જંતુ જે કરતાં ક્રીડા!

આપણુને યે હક્ક ન એવો ને માણુસને યે ના ભાઈ;
આજથી સૌ ઠરાવ કરીએ કે ના કરશું એવું કાંઈ.

અને કરો બીજો ઠરાવ કે સત્તા ના જનને મળતી;
સ્વતંત્રતા સર્વેને સરખી એમાં ના ઓછાવત્તી.

નીમો કમિટિ એવી એક જે માણુસની પાસે જઈને;
કરે નિવેદન થયું અહીં શું એ સર્વે સત્તા દઈને!

રૂપસંવાદ



બ્હેરો બોબડો ભેગા થયા,
વાતો કરતાં વાદે ચઢયા.

કહે બોબડો, "બ્હેરાપણું એ
ખોડ જીવનમાં છે ભારે,
કહીએ કૈં, સાંભળતો એ કૈં
ઊંધું વેતરી એ મારે;
એ કરતાં તો બળી જીંદગી,
જીવવું છે નકકામું ભાઈ,

આ દુનિયામાં હાય જીંદગી,
ખ્હેરાઓની એળે ગઈ."

અર્ધું સુણ્યું ન સુણ્યું ત્યાં તો
તુરત બોલે ખ્હેરાભાઈ,
"રે'વાદોને! ભાઈ તમારી
સાથે રાખો બધી બડાઈ;

તતતત્ તત્તત્ કર્યા કરીને
બીજાનું માથું ફોડો
ને પાછા અહીં રોફ કરો છો,
ખ્હેરા કરતાં તમે ચઢો?"

ત્યાં મૂગાભાઈ આવી પહોંચે
ઇશારાથી કે'તા, "કેમ?
વાત બની છે શી કહોને?"
જાણે પોતે મોટા એમ!

"કો'ની સામે કદી ન બોલું,
કામ કરૂં એક જ ચિત્તે
રોજ ચોપડે લખું છું નામું,
સવારથી તે સાંજ વિતે."

મૌન રહી કામ જ કરવાની
સૌનાથી સારી છે રીત,
આ દુનિયામાં મૂંગા એવા
માનવીઓની થાયે જીત."
"રે'વાદો ! કરશો ના ડહાપણ,
ત્રણેય છો સરખે સરખા
કોઈ દિવસ જોયું કે જોવા
માટે મેં માર્યાં વલખા ?

કદી ન સારૂં ખોટું જોવું
સદાય ઇશ્વરને સ્મરતો,
સૂરદાસ એવો હું
આ દુનિયામાં સૌનાથી ચડતો."
અને લંગડા લૂલા આવી
એમ કહીને કરે વડાઇ
"અમે છીએ સૌનાથી મોટા
મૂકો ભાઈ બધા બડાઇ.

આંખ, કાન, વળી જીભ અમારે
જોઇ અને સાંભળીએ બધું;
વળી બોલીએ એવા બંદા
એનાથી શું જોઈએ વધું ?"

આ લોકો હમણાં લડી પડશે,
આ તો વાત વધી ગઈ છેક,
ઠંડા પડો તમે સૌ લોકો!"
રસ્તે જનાર બોલ્યો એક.

"ના કોઈ કોઇથી મોટા,
તમે સર્વ સરખા છો ભાઈ,
'ઊંટ કહે હું સૌથી સારૂં'
એના જેવી વાત જ થઈ."

મોટો બચુ

ચશ્મા પ્હેરી, કોટ ચઢાવી,
બચુ બને છે મોટો;
ઈન્ડીપેન ખીસ્સે ઘાલી,
તકતામાં એ જોતો. ૧

બાપાથી યે એ તો જાણે,
મોટો મોટો થયો;
બાપાથી યે રોફ આજ તો,
એનો વધી ગયો. ૨

માડી પાસે દોડી જઇને,
પછી બચુભાઇ બોલે;
બા બન્યો જો કેવો મોટો,
કોણ આવે મુજ તોલે? ૩

હવે બચુ કહી બોલાવીશ ના,
કહેજે બચુભાઇ;
નહિતર મારે અને તાહરે
મોટી થશે લડાઇ. ૪

કહે બા હું લાગું નાનો ?




દાદાજીનો ડંગોરો ને
બાપુજીનું અંગરખું;
બની ઠણીને ચાલ્યા ફરવા
શોભે શું સરખેસરખું !
દીસું બા કેવો શાણો,
કહે બા હું લાગું નાનો ?

જો, બા ! કાને લાંબી લેખણ
કેવી મેં સુંદર ખોસી;
લખાવવા જો આવે કાગળ
સામેથી લખમી ડોશી.
ડોશીમાનો હું ભાણો,
કહે બા હું લાગું નાનો ?

સવારથી બા ફરવા નીકળું
સાંજ પડે ના આવું તોય;
કેમ અલ્યા તું આવ્યો મોડો
કોઈ નહિ કહેનારૂં હોય.
બની ગયો જાણે રાણો,
કહે બા હું લાગું નાનો ?

ઊંદર ને બિલ્લી



બાઇસીકલ ઉપર બેસી,
ચાલ્યા ઊંદરભૈયા;
મોટરમાં બેસી ત્યાં આવે,
સામે બિલ્લીમૈયા.

ટનન ટકોરી ઊંદરજીએ,
દેખી અને વગાડી;

ભોં ભોં કરતી મોટર બોલી,
પાછળ પડી બિલાડી !

'મરી જશું' ઊંદરજી બોલી,
ગયા ગલીમાં પેસી;
હસી પડે ખડખડ શું બિલ્લી,
મોટર અંદર બેસી !

ઊંદર નિશાળિયો!



નાની સરખી ટોપી,
કેવી મૂકીને માથે,
ઊંદરમામા ભણવા ચાલ્યા,
સિલેટ લઈ હાથે!

સામે આવી બિલ્લી મ્હેતી,
બોલે કે "આવો,

ઉંદરમામા ! શિખવાડું લ્યો,
ભણતરનો લ્હાવો."

ઉંહું ! ઉંહું ! નથી આવવું,
ભૂલો પડયો કે શું,
ભણવું ગણવું નથી અમે તો
ઘર પાછા જૈશું.

ચાર ઊંદર.



ચું ચું ચાર ઊંદરડા હતા;
એક દિવસ ફરવાને જતા.

ફરતાં ફરતાં રાત પડી,
રસ્તે આવી તલાવડી.

તલાવડીમાં તરવા ગયા,
મગર મામા ખાઈ ગયા !

બંદાલાલ.



બંદાને ના તમે પિછાનો,
બંદો છે દરિયાનો રાણો.

ચાંદો સુરજ નવલખ તારા,
એ તો સર્વે બંદી મારા.

ધરતી તો બંદાની ઢાલ,
એવા છે આ બંદાલાલા !

કીડી મંકોડીની જાત્રા.

કીડી મંકોડી બેઉ ચાલ્યાં, એક વખત જાત્રા કરવા;
માન્યું આપણ રે'શું સાથે, જશું બધે હરવાફરવા.
મળ્યું ગોળનું ગાડું રસ્તે. મંકોડીનું મોહ્યું મન;
ઊભી રહે અલી ઓ કીડી, ગોળ ખાઈએ બેઉ જણ.
ગોળ વિષે જે ઉત્તમ છે તે, આજ ગોળ છે ગંડેરી;
એક વખત જો ખાધો તોતો, પછી થાય તાલાવેલી.
કરાયના ચોરી આપણથી, મંકોડીને કીડી કહે;
જાત્રા કરવા જઈએ આપણ, ભૂલી જાવ છો એ શું તમે?
ચોરી એમાં શેની બાઈ! ભર્યા ગોળના ગાડેથી,
જરીક લઈએ એમાં શું ઓછું, થઈ જાશે એમાંથી?
જરાક લઈએ વત્તુ લઈએ, એમાં ના કંઈ ફેર પડે;
છાનુંમાનું લીધું એટલે, ચોરી આપણ શિરે ચઢે.
તું તો છું ભારે બાઈ! ડાહી, કે'તીના કરાય આમતેમ;
એવી ભક્તાણીની સાથે, સમય જશે મારો રે કેમ?
તારે જવું હોય તો જા બાઇ! હું પાછળ આવીશ મારે:
ગોળ બોળ આ ખાઈબાઈને, તાજીમાજી થઈશ ત્યારે.

માસ્તરની સોટી

ને હજીય મુજને યાદ આવતી સોટી,
ત્યારે થઇ'તી મુજ સુરત કેવી રોતી?

ડીકટેશન લખતાં ભૂલ પડી'તી જ્યારે,
માસ્તરે ખણી'તી ચૂંટી કૂખે ત્યારે;
ઓ : મર્યો બાપરે ! ચીસ પાડી મેં ઓરે !
માસ્તરે લગાવ્યો પછી તમાચો જોરે.

લખવામાં ત્યારે ભૂલ પડે છે શેની ?
ખાવાનું કાં ના ભૂલી જાય એ કે'ની ?
ને પછી આંકણી વતી સપાટા દેતા,
સૌ થશો તમે આનાથી સીધા કે'તા.

વર્ષો વિત્યાં આજે એ બની કથાને,
હું છું નિશાળમાં શિક્ષક કેરા સ્થાને;
હું યે લખી આપું બાળકને બોલીને,
કાગળિયા ઊપર અક્ષરની જોડીને.

ને માંડુ કાગળિયે અક્ષર જ્યાં સરસર,
ત્યાં આંખથકી સરતાં આંસુડાં દડ દડ,

ને મને આવતું યાદ તુરત એ ચિત્ર,
મ્હેતાજી ઊભા રહ્યા લઇને સોટી,
ત્યારે થઇ'તી કેવી મુજ સુરત રોતી;
આજે તો શિક્ષક શીખવતો લખી જાતે,
શાળામાં બાળક નિર્ભય છે સૌ વાતે;
તે સોટી ક્યાં રહ્યાં ન નામ નિશાન,
શું ડીકટેશન બાળક ના જાણે નામ.

છે નવો જમાનો નવુંય એનું ચણતર;
ક્યાં આજ અને ક્યાં તે દિનું રે ભણતર?

એ કોણ ?



શેઠ :

માથે પાઘડી
ખભે ખેસ,
ગાગર જેવડું
આગળ પેટ;
સમજી લો એ ગામના શેઠ.



બ્રાહ્મણ :

ત્રિપુંડ ભાલે
ખભે જનોઈ,
લલચાયે જે
લાડૂ જોઈ;
બ્રાહ્મણ વિણ એ
બીજો ન કોઈ.



રજપૂત :

માથે ફેંટો
ચહેરે શૂર,
બાંધો જેનો
છે મજબૂત;
શૂરવીર એ તો રજપૂત.

મિયાં :

કપડાં પહેર્યાં
તાજાં શિવ્યાં,
મોઢામાં છે
પાન પત્તિયાં;
એ તો આવે નજુમિયાં.





ગોવાળ :

ખુલ્લું માથું
મોટા વાળ,
ગાયોનો સાચો
ર ખ વા ળ;
આ આવે ! એ તો ગોવાળ

પારસી :

આવ્યા દૂર
દૂર દેશથી,
હિંદ કર્યો
પોતાનો વસી;
એ તો બિરાદરો પારસી.



સમાપ્ત

શિશુ સાહિત્ય માળા

સંપાદક : જનુભાઈ દવે

બાળવર્ગથી તે ધોરણ ચોથા સુધીના બાળકો વાંચી શકે તેવા શાસ્ત્રીય પદ્ધતિથી લખાએલાં પુસ્તકો

રખુરાજા અને બીજી વાતો	મોંઘીબેન
બાલાખાચર અને બીજી વાતો	મોંઘીબેન
કેસરીસિંહ	મોંઘીબેન
અમથારામ	સોમાભાઈ ભાવસાર
નવી ઈસપનીતિ	ગિજુભાઈ
નાના હતા ત્યારે	સોમાભાઈ ભાવસાર
કેમ રહેવાય	ગિજુભાઈ
ફૂલોની સુગંધ	ગિજુભાઈ
આપણી વનસ્પતિઓ	ગિજુભાઈ
૧૯૩૦ની લડાઈ	રામભાઈ પાઠક
વાર્તા ગુચ્છ	ગિરીશભાઈ
અમારૂં પતંગીયું	જનુભાઈ દવે
પુંડરીકનાં બાળગીતો	પુંડરીક
આપણું ગામ	જનુભાઈ દવે
વાર્તા મંજરી	સોમભાઈ પટેલ
બારોટના ઉખાણા	ફૂલાજસિંહ
અમજીવીઓ	મયંક
રૂપ સુંદરી	ચંદુભાઈ ભટ્ટ
ફરવા જતાં	ઉમાશંકર જોશી

મળવાનું સ્થળ :

જેચંદ તલકશી એન્ડ સન્સ

એમ્પાયર બીલ્ડીંગ, હોર્નબી રોડ, મુંબાઈ